**<u>પાટણના મહે. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.પાટણ.</u>**

**ફોજદારી કેસ નં.૬૮૭/૨૦૨૬**
**આંક–૦૭**

**ફરીયાદી :–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી:–** **ધવલકુમાર વિક્રમભાઇ ઇશ્વરભાઇ પંચાલ,**
ઉ.વ.આ.૨૬,
રહે.ઝીણીરિત ગોરસ્થાનની ખડકી,તા.જી.પાટણ

**ગુનો :–** **ભારતીય ન્યાય સંહીતાની કલમ–૨૮૫ મુજબ.**

## –:: ઠરાવ ::–

(૧) ફરીયાદપક્ષનો કેસ એવો છે કે, **આ કામના આરોપીએ તા.૦૮/૧૨/૨૦૨૫ ના રોજ કલાક ૧૯:૧૦ વાગે પોતાની કબજાની પાઉ ભાજીની લારી જાહેર રસ્તામાં પોતાની લારી બીજા માટે અવરોધ અને અડચણરૂપ થાય તે રીતે ઉભુ રાખી,** ભારતીય ન્યાય સંહીતાની કલમ–૨૮૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોઈ તે અંગેનુ ચાર્જસીટ પોલીસે અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપ્યા બાદ આરોપી તેઓની સામેનો ગુનો કબુલ કરવા માંગતા હોય તે અંગેની લેખિત કબુલાત પુરસીસ રજુ કરેલ છે, જેથી આરોપીની પ્લી રેકર્ડ કરતા, આરોપીએ સ્વૈચ્છીક રીતે અને રાજીખુશીથી ગુનાની કબુલાત કરી રજુઆત કરેલ છે કે, તેઓ ગરીબ માણસ છે અને તેઓના ઉપર તેમના પરિવારની જવાબદારી રહેલ છે જેથી જો તેમને કાયદામાં જણાવેલ મહત્તમ સજા કરવામાં આવશે તો તેનાથી તેમના પરિવારને અસર થશે. તેમની આ પ્રથમ ભુલ છે તેમજ હવે પછી આવી ભુલ નહી કરવાની ખાત્રી આપી તેમને ઓછામાં ઓછી સજા કરવા રજૂઆત કરેલ છે. આરોપી

ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતાં અને સમજાવવા છતાં પણ આરોપી સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરતા હોઈ, કબુલાત પુરસીસ રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે.

(૩) આરોપી સામે **ભારતીય ન્યાય સંહીતાની કલમ-૨૮૫** મુજબના ગુનાનુ તહોમત છે. તેમજ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવેલ કારણો તેમજ આરોપીની રજૂઆતો ધ્યાને લેતાં આરોપી ગરીબ અને મધ્યમ વર્ગના માણસ જણાય છે તેમજ કુટુંબમાં એકમાત્ર કમાવનાર સભ્ય છે. તેમના ઉપર તેમના પરિવારની જવાબદારી છે. ગરીબ સ્થિતિને લીધે બચાવ કરવા સક્ષમ નથી તેમજ ગુનો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુનો નહી કરવાની ખાત્રી આપે છે તેમજ આરોપીની રજૂઆત મુજબ તેઓનો આ પ્રથમ ગુનો છે. જેથી જો આરોપીને કેદની સજા કરવામાં આવશે તો તેનાથી તેના પરિવાર ઉપર અસર થાય તેમ છે. તે સંજોગોમાં તેમને કેદની સજા કરવાના બદલે દંડ કરવાનું ન્યાયી અને ઉચિત માનું છુ અને ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ

## -:: હુકમ ::-

કામના આરોપી **ધવલકુમાર વિક્રમભાઇ ઇશ્વરભાઇ પંચાલ,** ઉ.વ.આ.૨૬, રહે.ઝીણીરિત ગોરસ્થાનની ખડકી, તા.જી.પાટણવાળાને ભારતીય નાગરિક સુરક્ષા સંહીતાની કલમ-૨૭૫ અન્વયે **ભારતીય ન્યાય સંહીતાની કલમ-૨૮૫** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી, **રૂા.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા)** નો દંડ અને જો આરોપી દંડની રકમ ના ભરે તો દિન-૦૩ (ત્રણ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ, **તા.૧૭મી,** માહે **: માર્ચ,** સને **: ૨૦૨૬** ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ **:** પાટણ
તારીખ **:** ૧૭/૦૩/૨૦૨૬

**(નૌશાદ વી. પઠાણ)**
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
પાટણ
(**GJ**-01413)

<u>( S.I.PRAJAPATI )</u>